ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ઝીંકે છે બૉંબ - તોપગોળા - રોજ કારણ વગર,
ઝંખે છે યુદ્ધ, મારે નિર્દોષ વસ્તી કારણ વગર,
સીમાડે સૈનિક થાય શહીદ, કારણ વગર,
ખાય છે માર, કરે છે સહન, કારણ વગર...
(ભીરુ નેતાઓ...)

હાઈકુ

'એ' સમજે છે,
આ ભસતાં કૂતરાં -
કરડે નહીં...

આતંકી નહીં
મારે ઓછે ખાલી-ખોટા -
ડારા ડફારા...

ચિંતન

ત્રયાણામપ્યયં યોગ્યઃ કર્તુ શક્યોઽસ્તિ સર્વથા ।
સુલભત્વાન્માનસત્વાત્કાયચિત્તાદ્ય પીડનાત્ ॥

ઉપરોક્ત શ્લોક શ્રીમદ્ દેવી ભાગવત્‌માંથી લેવામાં આવેલ છે.

મોક્ષની પ્રાપ્તિ માટેના ત્રણ યોગ - કર્મયોગ, જ્ઞાનયોગ તથા ભક્તિયોગ જાણીતા છે. આ ત્રણ માર્ગમાં જે જ્ઞાનમાર્ગ છે તે સાક્ષાત્ મોક્ષનું સાધન છે. જ્યારે કર્મયોગ, તથા ભક્તિયોગ નિરંતર કરવાને યોગ્ય છે. કારણ કે તે બહુ સરળ છે. તે કાયાના કે ધન ખર્ચ આદિના પરિશ્રમ વિના એકલા મનથી જ થાય એવા હોવા ને લીધે સુલભ છે.

મનુષ્યોમાં સત્વગુણ, રજોગુણ અને તમોગુણ નામના ત્રણ ગુણો રહેલા છે. એટલે ભક્તિ પણ ત્રણ પ્રકારની છે.

આસક્તિ રહિત થઈ કર્મો કરવા તે કર્મયોગ. ઈષ્ટદેવની અનન્ય ભાવથી શરણાગતિ સ્વીકારવી એટલે ભક્તિયોગ સમ્યક જ્ઞાન મેળવવું તે જ્ઞાનયોગ. આ ત્રણેયમાં ભક્તિયોગ સમ્યક પ્રકારે સંપન્ન કરી શકાય છે, કારણ કે તે સરળ સુલભ અને મનને અનુકૂળ તથા દેહને કોઈ પણ પ્રકારનું કષ્ટ પહોંચાડતો નથી.

સુવિચાર

- જિંદગીના શરુઆતનાં વર્ષોમાં બે-ચાર વાર નિષ્ફળ જવાથી મોટામાં મોટો વ્યવહારુ લાભ થાય છે - **હક્સ્લી**
- દરેક નવી પેઢી બાપાઓ સામે થતી હોય છે અને દાદાઓની દોસ્તી કરતી હોય છે - **લૂઈ મમફોર્ડ**
- અજ્ઞાની માણસ ને જે ન સમજાય એના હંમેશા વખાણ કરતો હોય છે - **ભૂપત વડોદરિયા**
- કોઈ પણ માણસ એના ભાવિમાંથી છટકી શકતો નથી - આમાં બહાદુર કે બીકણનો પ્રશ્ન નથી - **મહાકવિ હોમર**
- સર્વનું સુભ ઈચ્છીને સજ્જનો ખુશ થાય છે, સજ્જનોની કરી નિંદા દુર્જનો ખુશ થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ફિલસૂફ ભલે થાઓ, પણ બધી ફિલસૂફીઓ વચ્ચે પણ તમારે માણસ થવાનું તો રહેશે જ - **પુનિત મહારાજ**
- આજનું ઔષધ : સૂંઠ વળીયાળી ને ઘીમાં શેકી તેની ફાકી ખાઈ ઊપર તાજી છાશ પીવાથી ઝાડા મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

શરીર કે ચહેરાની સુંદરતા વધુ ઓછી હોઈ શકે છે, પરંતુ કરવામાં આવેલ સારા કે નરસા કામ જ વ્યક્તિની સારી કે નરસી અમીર છાપ છોડી જાય છે.

સોક્રેટીસ અરીસા સામે ઊભા રહીને પોતાનો ચહેરો જોતા હતા અને ત્યાં એમનો એક શિષ્ય દાખલ થયો. શિષ્ય સોક્રેટીસને જોઈ હસી પડ્યો. મારે ચહેરો કદરુપો છે, છતાં હું અરીસા સામે ઊભો રહું તો તને નવાઈ લાગી હશે.'

શિષ્યએ કહ્યું, 'ચહેરો સુંદર હોય તો એને અરીસામાં જોવાની મજા આવે, પણ કુરુપ જોઈને દુઃખી શા માટે થવું?'

સોક્રેટિસે કહ્યું, 'મારા કદરુપા ચહેરાને રોજ હું અરીસામાં જોઉં છું, જેથી મને કામ કરવાના છે કે લોકો મારા કદરુપા ચહેરાને ભૂલી જાય, મારા કામને યાદ રાખે અને એ સારા કામને જ કારણે મને સ્નેહ અને આદર આપે.'

શિષ્ય કહે, 'તો પછી જે સુંદર હોય એમણે શું કરવાનું ?'

સોક્રેટિસ કહે, 'સુંદર ચહેરાવાળા એ અરીસામાં નિહાળીને વિચારવું જોઈએ કે મને આટલું સુંદર શરીર ભેટમાં મળ્યું છે તો હું એ ધ્યાન રાખીશ કે એવા કોઈ ખરાબ કામ નહીં કરું કે જેથી લોકો મારા સુંદર ચહેરાને ભૂલી મારા ખરાબ કામ બદલ મને નફરત કરે.'

ખાળે ડૂચા, દરવાજા મોકળા!

તંત્રીસ્થાનેથી...

ઉત્તર ગુજરાતના મોદીઓની શી ગજબ તાકાત છે! વડનગરના નરેન્દ્ર મોદી ભારતનું એકચક્રી શાસન ચલાવે છે, વિજાપુરમાં જન્મેલા ચિનુ મોદી સાહિત્ય ક્ષેત્રે ધબડાટી બોલાવે છે અને પાલનપુરના નીરવ મોદી બેન્કોને ગજવે ઘાલીને અત્યાર સુધીનું સૌથી મોટું બેન્કીંગ કૌભાંડ આચરી પેલા કિંગફિશર બ્રાન્ડ માલ્યાનો વિક્રમ તોડી બતાવે છે. મજાક ખાતર હવે છેક આગામી લોકસભાની ચૂંટણી સુધી 'નીમો' અને 'નમો' વચ્ચેના મોદીત્વ સામ્યની ચર્ચા થતી રહેવાની. જો કે રવિશંકર પ્રસાદ કહે છે એમ બધા મોદી નરેન્દ્ર મોદી નથી હોતા. તકલીફ ત્યાં થઈ કે આ ડાયમંડ કિંગ નીરવ મોદી દાવોસની વર્લ્ડ ઈકોનોમિક સમિટ વખતે નરેન્દ્ર મોદી સાથે બેઠેલા ધનકુબેરોની પંતગમાં સૂટબૂટ ઠઠાવીને બેસી શકે છે. એમની સામે પંજાબ નેશનલ બેન્કનું ઉઠમણું કરી નાખવાની ફરિયાદ પછી પણ તેઓ મસ્તીથી વડાપ્રધાન સાથે વિદેશપ્રવાદ માણી શકે છે તે આપણા તંત્રની બલિહારી છે. આવા તો કોણ જાણે કેટલા 'છોટા મોદી' પોતપોતાના ગજા મુજબ દેશને લૂંટતા ફરતા હશે ! પંજાબ નેશનલ બેન્કે આ એક 'છોટા મોદી' ને છેક લગી છાવર્યા પછી, એમને અદ્ધરતાલ અગિયાર હજાર કરોડથી પણ વધુ રકમ પોતાની પાસેથી તેમજ પોતાની ભલામણોથી અન્ય બેકો પાસેથી ધરબી દીધા પછી જ કૌભાંડી તરીકે ઓળખી બતાવવાનું પસંદ કર્યું છે. આવા મહારથીની જવલેરી પાછળ આખું બોલીવુડ ગાડું હોય તો દિલ્હી દરબારના સામંતો થોડા સાધુબાવા છે ? જેમ ક્રિકેટને ટંકશાળમાં ફેરવી દેનાર લલિત મોદીના હાથ લાંબા હતા અને વિજય માલ્યા જે રીતે બેન્કોને કરોડોમાં નવડાવી લંડનમાં મોજ કરે છે એમ આ નવા કૌભાંડવીર પણ સપરિવાર સહીસલામત દેશ છોડી ગયા છે બલકે એમને સમયસર બાઈજ્જનત દેશ છોડી જવાની તંત્ર દ્વારા રીતસર અનુકૂળતા કરાવી આપવામાં આવી છે. રાહુલ ગાંધીના પૂર્વજો કરતાં મોદી અટક ધારીઓ કોઈ પણ માપદંડથી ઓછા શક્તિશાળી નથી, તે સાબિત થઈ ચૂક્યું છે. નાના મોદી મહારથીઓનો મોટા મોદી વાળ સુદ્ધાં વાંકો કરી શક્યા નથી. હવે તો ઊલટાનું આ છોટે મોદીનું કૌભાંડ ૨૦૧૧માં ચાલુ થયેલું એ બહાનું પણ છે અને એથીય આગળ રવિશંકર પ્રસાદે તો કોંગ્રેસી નેતાઓના અંગત જીવનની સીડીઓ પણ જાહેર કરવાની ચીમકી આપી દીધી છે ! ટૂંકમાં પ્રજાને આવી બાબતોમાં બિનજરૂરી ઊહાપોહ કરવાની મનાઈ છે. બેન્કો સરકારના કબજામાં હોય અને એમાં કોઈ અગિયાર-બાર હજાર કરોડ આઘાફાછા કરે તો એની કાગારોળ શાની ? ભારત તો હવે વર્લ્ડ ઈકોનોમીમાં છઠ્ઠા નંબરનો સમૃદ્ધ દેશ છે !

'મમતા' માસિક દ્વારા વાર્તા સ્પર્ધાની જાહેરાત

સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● પ્રગતિશીલ લેખક સંઘ ગુજરાત, ગાંધીનગરના ઉપક્રમે, પુરુષોત્તમ પોમલ રચિત નવલકથા 'શાહજાદી ફીરોઝા' ના ગુજરાતી અનુવાદનું વિમોચન અને લોકાર્પણ વિધિ વરિષ્ઠ સાહિત્યકાર મીઠેશ નિર્મોહીજી (જોધપુર) ના અધ્યક્ષસ્થાને અને હર્ષદ ત્રિવેદી કવિ, સંપાદક અને ચરિત્રકાર તથા કિરીટ દૂધાત પ્રતિષ્ઠિત વાર્તાકારના અતિથિ વિશેષપદે અને સાહિત્યકાર તથા સંપાદક મણીભાઈ પ્રજાપતિની વિશેષ ઉપસ્થિતિમાં, તા. ૧૭-૦૨-૧૮ને શનિવારના રોજ સાંજે ૩ થી ૬ના સમયગાળા દરમિયાન, શ્રી બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે, જેમાં પ્રાસંગિક ઉદ્‌બોધન પ્રો. અનુપા ચૌહાણ કરશે, જ્યારે સ્વાગત અને સત્કાર, સંઘના મહાસચિવ રામસાગરસિંહ પરિહાર કરશે, જ્યારે આભારવિધિ દલપતભાઈ ચૌહાણ - કવિ - વાર્તાકાર કરશે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ઈશ્વરસિંહ ચૌહાણ કરશે.

● પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સે.૭ ખાતે તા. ૧૮-૦૨-૧૮ને રવિવારના રોજ સાંજના ૫ વાગે, મમતા વાર્તામાસિક - સંપાદક મધુરાય દ્વારા 'વાર્તાયન' પર્વનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વાર્તાકાર કલ્પેશ પટેલ તથા ધારિણી સોલંકી તેમના વાર્તાઓનું પઠન કરશે. આ સાહિત્યિક કાર્યક્રમનો લાભ લેવા ભાવકો - સર્જકોને સંયોજક ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

● ગુજરાત સાહિત્ય અકાદમી અને સરકારી વિનયન કૉલેજના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪, ૨૫ ફેબ્રુઆરીના રોજ, 'ભાષા સાહિત્ય અને રાષ્ટ્રવાદ' વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજવામાં આવશે. જેમાં સંયોજક ડૉ. હિંમત ભાલોડિયા અને ડૉ. અજયસિંહ ચૌહાણ રહેશે.

● 'મમતા' વાર્તા માસિક- સંપાદક મધુ રાય દ્વારા 'મમતા વાર્તાસ્પર્ધા : ૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યું છે વાર્તા સ્પર્ધાનું પહેલું ઈનામ રૂા. ૫૧,૦૦૦, બીજું ઈનામ રૂા. ૨૧, ૦૦૦ અને ત્રીજું ઈનામ રૂા. ૧૧,૦૦૦ રહેશે. આ વાર્તાની શબ્દ મર્યાદા ૨૦૦૦ શબ્દોની રહેશે અને વાર્તા કોમ્પ્યુટર પર ટાઈમ કરેલી હાર્ડ કોપી કે વર્ડ ફાઈલમાં સોપ્ટ કોપી હોવી જરૂરી છે. વાર્તા મૌલિક છે તથા કયાંક પ્રકાશિથ થયેલ નથી અને પરિણામ જાહેર થાય ત્યાં સુધી અન્યને મોકલવામાં આવશે નહીં તેવો અલગ બાંહેધરીપત્ર મોકલવાનો રહેશે. વાર્તાપર શિર્ષક કે લેખકનું નામ / સરનામું / ઈમેલ વિગેરે જુદા કાગળમાં લખીને મોકલવાનું રહેશે. એક સ્પર્ધક વધુમાં વધુ ત્રણ વાર્તાઓ મોકલી શકાશે. વાર્તા મોકલવાની છેલ્લી તા. ૩૧મી જૂન, ૨૦૧૮ રહેશે અને તે 'મમતા વાર્તાસ્પર્ધા : ૨૦૧૮' C/o કનૈયાલાલ ભટ્ટ, પ્લોટ નં. ૧૧૮૫/૫, સેકટર-૩ડી, ગાંધીનગર - ૩૮૨૦૦૬ ખઆતે મોકલવાની રહેશે.

● ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ, ગર્વમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, રાપર તથા રવિભાણ સંપ્રદાય દરિયાસ્થાન મંદિર ટ્રસ્ટ - રાપરના સંયુકત્ ઉપક્રમે 'રવિભાણ સંપ્રદાયનું સંત સાહિત્ય' વિષયેનો રાજયકક્ષાનો એક દિવસીય પરિસંવાદ તા. ૨૭-૧-૨૦૧૮ના રોજ યોજાઈ ગયો. જેમાં શાબ્દિક આવકાર મુકેશભાઈ ઠક્કરે, પ્રાસંગિક ઉદ્‌બોધન ડૉ. અંબાદાન રોહડીયાએ અને 'મધ્યકાલીન સંત સાહિત્ય અને રવિભાણ સંપ્રદાય' પર ડૉ. દર્શના ધોળકિયાએ ભૂમિકા બાંધી હતી. જ્યારે આશીર્વચન સંત ત્રિકાળદાસજી મહારાજ અને પ.પૂ. મહંત જાનકીદાસજી મહારાજે આપેલ.

પ્રથમ બેઠકમાં ડૉ. દલપત પઢિયારે 'રવિસાહેબ ભાણ સાહેબનું સંત સાહિત્યમાં પ્રદાન' વિષે, ડૉ. નાથાલાલ ગોહિલે, : 'ખીમસાહેબ - ત્રિકમસાહેબનું સંત સાહિત્યમાં પ્રદાન' વિશે, ડૉ. રવજી રોકડે 'ગંગસાહેબનું સંત સાહિત્યમાં પ્રદાન' વિષયક વકતવ્યો આપ્યાં હતા. આ બેઠકનું સંચાલન ડૉ. હીના ગંગરે કર્યું હતું.

દ્વિતીય બેઠકમાં ડૉ. નિરંજન રાજયગુરુએ 'ભીમ સાહેબ - દાસીજીવણ'નું સંતસાહિત્યમાં પ્રદાન' વિષે, ડૉ. મનોજ રાવલે, 'મોરાર સાહેબનું સંત સાહિતમયાં પ્રદાન' વિષે અને ડૉ. રમેશ મહેતાએ : 'લાલ સાહેબનું સંત સાહિત્યમાં પ્રદાન' વિષે વકતવ્ય આપ્યું. આ બેઠકનું સંચાલક પ્રા. ચૈતાલી ઠક્કર કોટેચાએ કરેલ. શોધપત્ર વાચન અને પ્રમાણપત્ર વિતરણ બેઠકનું સંચાલન ડૉ. મહેલુ પટેલે કર્યું જયારે ડૉ. રમજાન હસાણિયાના આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયેલ હતું.

● ભારતીય વિદ્યાભવનના સંસ્થાપક પ્રમુખ કુલપતિ ડૉ. ક.મા. મુનશીજીની ૧૩૦ મી જન્મજયંતિ તા. ૩૦ ડિસેમ્બરના રોજ ભવને ઉજવીને શ્રદ્ધાંજલિ અર્પી. ભવન્સ સંસ્કૃત પરીક્ષાના સહાયક પરીક્ષક મંત્રી ડૉ. શિવગોપાલ મિશ્રાએ મુનશીજીના જીવન સંસ્કૃત અભ્યાસ અને શિક્ષણ અર્થે પ્રદાન પર વકતવ્ય આપ્યું હતું. નિર્દેશક મુનશીજીની સર્વતોમુખી પ્રતીભા, ગુજરાતી - અંગ્રેજી સર્જનાત્મક લખાણ, ભારતની સ્વાતંત્ર્ય ચળવળમાં અમૂલ્ય પ્રદાન, ભારતીય સાહિત્ય, કળા, ઈતિહાસના વારસાનું સંવર્ધન અને સંરક્ષણ વિગેરે વિષે વાત કરી હતી.

- muljibhaidadhi@gmail.com

'મહાગુજરાતના ઘડવૈયા' : ઈન્દુલાલ યાજ્ઞિક

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

સુરતની નર્મદ સાહિત્ય સભા તરફથી ઈન્દુચાચાને તેમની આત્મકથા માટે નર્મદ સુવર્ણચન્દ્રક અર્પણ કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ અર્પણ સમારંભમાં આજીવન લડવૈયા ઈન્દુલાલ યાજ્ઞિકે કહ્યું હતું : ''મને જ્યારે કોઇ પૂછે છે કે હવે શું ? તો હું હમેશ એકજ જવાબ આપું છું. ''યાહોમ કરીને પડો ફત્તેહછે આગે.'' મારા જીવનમાં નર્મદનો યાહોમ શબ્દો ઉતરી ગયો છે. ''

જેમની ફેબ્રુઆરી માસની બાવીસમી તારીખે જન્મજયંતી આવે છે તે ગુજરાતના આ ફકીર નેતા કદી વિસ્મૃત થાય તેવા નથી. પડકારોને પણ પડકારી શકવાની અસાધારણ હામ ધરાવતા અને ગુજરાતના લાડીલા નેતા ઈન્દુચાચા જેવા અગ્રજોની લોકોને હમેશા રાહ રહેશે. ઈન્દુચાચાનું જ્વલંત ખમીર ભાગ્યેજ જોવા મળે તેવું હતું. તેમની સ્મૃતિમાં કવિ વિશ્વરથના આ શબ્દો યાદ આવે :

મોત જેવા મોતને
પડકારનારા ક્યાં ગયાં ?
શત્રુનાયે શોર્ય પર
વારી જનારા ક્યાં ગયા ?
ગર્વથી ચકચૂર સાગરની
ખબર લઈ નાખવા
નાવડી વમળો મહી
ફંગોળનારા ક્યાં ગયા ?

જીવનના દરેક તબક્કે પોતાની માન્યતા અને વિચારના અમલીકરણ માટે ગમે તેવો સંઘર્ષ વહોરી લેવાની ચાચાની વૃત્તિ આજીવન જ્વલંત રહી હતી. કિસાનો – મજદૂરોની હાલત માટે સત્તાધિશો સામે તેમનો સંગ્રામ નિરંતર ધબકતો રહ્યો હતો. ગાંધીજીના વ્યક્તિગત રીતે પ્રશંસક હોવા છતાં ગાંધી વિચારની જે ઉણપ તેમને દેખાય તે જાહેરમાં તર્કબધ્ધ રીતે રજૂ કરતા તેઓ કદી અચકાયા નથી. ઈન્દુચાચાની આત્મકથાની પુનઃપ્રસિધ્ધિ માટે આપણે સનતભાઇ મહેતાના ઋણી છીએ.

હેરલ્ડ લાસ્કી ઈન્સ્ટીટ્યૂટ (અમદાવાદ)માં ચાચાએ પોતાના ૭૯મા જન્મ દિવસે ૧૯૭૦ માં પ્રવચન આપ્યું. માવળંકર સાહેબે નોંધ કરી છે કે તે દિવસે તેમણે લાસ્કી ઈન્સ્ટીટ્યૂટની વીઝીટર્સ બુકમાં લખ્યું : ''ગાંધીજીનો જીવન સંદેશ દરેકે પોતાની અલ્પશક્તિ તથા અલ્પમતિ મુજબ પાર પાડવો જોઇએ.'' ગાંધીવિચારની માત્ર રટણા નહિ પરંતુ તેના વાસ્તવિક અમલની ઊંડી ખેવના આ અમીર શહેરના ફકીર બાદશાહના મનમાં રહેતી હતી. અમલ અંગે ગંભીરતા સિવાયની ગાંધી સ્મૃતિના સમારંભો કે કાર્યોમાં આ લડવૈયાને રસ ન હતો. કબીરદાસે લખ્યું છે : ''અમલ કરે સો પાવે, અવધુ ! અમલ કરે સો પાવે'' ગાંધી વિચારના વાસ્તવિક અમલ માટેની આપણી વ્યાપક ઉદાસીનતા તરફ ચાચાના દિલમાં ચિંતાનો ભાવ હતો.

મહાગુજરાત ચળવળના મોભી શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક પોતાના વંટોળિયા જેવા ગતિશીલસ્વભાવનું વર્ણન કરતા લખે છે :

''મારા વિશે કેટલાંકને થાય છે કે જો હું સરખી રીતે ચાલ્યો હોત તો ઊંચો હોત. હનુમાનની માફક હૂપાહૂપ કરું છું તેથી કંઇ મેળવી શકતો નથી, પરંતુ હું કાર્ય રાજકીય દ્રષ્ટિથી નહિ પરંતુ માનવતાની દ્રષ્ટિથી કરું છું... મારો ધર્મ બજાવવામાં અંતરાયરૂપ લાગતાં મેં સંસ્થાઓ અને હોદ્દાનો ત્યાગ કર્યો છે. હું મૂર્તિપૂજક નથી... પરંતુ છાતી ઠોકીને કહી શકું છું કે કદી રાજરજવાડાં, જમીનદાર કે શેઠ શાહુકારની ગોદ કે ઓથ લીધી નથી. '' આથી જ આ વણથાક્યા પથિકે કોંગ્રેસ છોડી ત્યારે સરદાર વલ્લભભાઈએ પૂછ્યું કે હવે શું કરશો ? તેનો જવાબ વાળતા આ એકલવીર કહે છે : ''હવે એકલા હાથે સેવા કરીશ.'' નર્મદની 'યાહોમ કરીને પડો' ની ચાચામાં જીવતી વૃત્તિનું અહીં પુનઃ પ્રગટીકરણ થાય છે. ગમે તેવા તોફાની સમુદ્રમાં પણ પોતાની નાવ શ્રધ્ધા તથા નિષ્ઠાના બળે ઝૂકાવનાર ઈન્દુચાચાની જીવનગાથા યુવાનોના ખમીરને પ્રગટાવે તેવી શક્તિશાળી તથા જવલંત છે.

ઈન્દુચાચાનું વ્યક્તિત્વ બહુઆયામી હતું. નાટકો-ફિલ્મોના ક્ષેત્રમાં તેમની કામગીરીની પણ એક અલગ કથા લખી શકાય તેવી ભાતીગળ છે. તેમનું ભાષા પરનું પ્રભુત્વ સાક્ષરોને પણ પ્રભાવીત કરે તેવું હતું. પોતાની આત્મકથા લખીને તેમણે આપણાં પર ઋણ ચડાવેલું છે. શ્રી સનતભાઈ લખે છે તેમ સત્તાએ કદી ઈન્દુચાચાને લોભાવ્યા નથી. તેમના જીવનમાં ગાંધીના ગુણોની અસર સ્પષ્ટ રીતે જોઇ શકાતી હતી. મહાગુજરાત આંદોલનના મજબૂત માધ્યમથી કરોડો ગુજરાતીઓના દિલ પર આ ફકીરે શાસન કરેલું છે. દેશ સ્વાધિન થયા બાદ એક મહાઆંદોલનને દિશા તથા નેતૃત્વ પૂરું પાડીને તેઓએ ઈતિહાસમાં પોતાનું અનોખું સ્થાન તથા આદર મેળવ્યા છે. મહાગુજરાત ચળવળની વિજયની ક્ષણે જ આ મહામાનવે જાહેર કર્યું કે મહાગુજરાત જનતા પરિષદનું કાર્ય પૂરું થયું છે. આપણું ધ્યેય સત્તાપ્રાપ્તિનું નહિ પરંતુ મહાગુજરાતના નિર્માણનું હતું ! સત્તાની દેવીને કુમકુમ તિલક કરતા રોકીને ઈન્દુચાચાએ એક અદ્વિતિય ઈતિહાસનું સર્જન કર્યું. ઈન્દુચાચાન આવો નિર્ણય કરીને તેને વળગી રહી શકે.

પોતાની જીવનકથાના નાયક પોતે નથી પરંતુ ગુજરાતની પ્રજા છે તેમ કહીને આ મહામાનવે જનતા જનાર્દન સાથેનાપોતાના જોડાણને ઝળહળતું કરેલું છે. જયાં જયાં આમ જનતાનું શોષણ તેમણે જોયું ત્યાં ત્યાં સંઘર્ષના સૂર તેમણે નિઃસંકોચ રહીને બુલંદ કર્યા છે.

જેમની દ્રષ્ટિ સાફ હોય, જેમના હૈયે જન સામાન્યનું હિત કોતરાયેલુ હોય તથા ' ડગલું ભર્યું કે ના હઠવું ' જેવા શબ્દો જીવનમાં ઉતાર્યા હોય તેવા વીર પુરૂષને સ્થળ કાળના બંધનો રોકી શકતા નથી. આ અર્થમાં ઈન્દુચાચા ખરા અર્થમાં યાજ્ઞિક હતા. ઈન્દુચાચાના વંટોળિયા જેવા વ્યક્તિત્વથી ગુજરાત અંજાયેલું હતું તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. આપણો દેશ પરાધિન હતો તે કાળની આકાશગંગામાં ઈન્દુચાચાનું વ્યક્તિત્વ તેમજ તેમનું યોગદાન તેજસ્વી સીતારાની જેમ ઝળહળે છે. ભવિષ્યમાં પણ ઝળહળતું રહેશે. સાક્ષરોની પુણ્યભૂમિ નડિયાદમાં ઈ.સ. ૧૮૯૨ના ફેબ્રુઆરી માસની ૨૨ તારીખે તેમનો જન્મ થયો હતો. આથી ફેબ્રુઆરી માસના આ દિવસોમાં લોકપ્રિય તથા બાળક – સહજ સ્વભાવના ચાચાનું વિશેષ સ્મરણ ગુજરાતીઓને થવું સ્વાભાવિક છે. આ વિરાટ ગુજરાતીની વીરગાથા એક થ્રીલર સમાન છે. કાળ સામે સહેજ પણ હિચકિચાટ સિવાય બાથ ભીડનાર આ ફકીરે ફનાગીરીના પાઠ ગાંધીજી પાસે ભણ્યાં હતા. તેમાં પછી શી મણા રહે ?

બા : મહાત્માના અર્ધાંગિની

ઈતિહાસ દાદીને અવગણે એ સાંખી નહીં શકતા પૌત્રએ પુસ્તક લખ્યું

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

અંગ્રેજીમાં લખીને કસ્તૂરબાને સમજવાની અને તેમના વ્યક્તિત્વને વિશ્વ સમક્ષ રજૂ કર્યો. બે દાયકા બાદ સોનલબેન પરીખે અંગ્રેજી પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. નવજીવન પ્રકાશન દ્વારા 'ધ ફરગોટન વુમન' ગુજરાતીમાં 'બા : કસ્તૂરબાના અર્ધાંગિની' તરીકે પ્રસિદ્ધ થયું છે. કસ્તૂરબાના જીવન અને કાર્યોની સુવાસ આ પુસ્તકમાં સરસ રીતે ઝીલવામાં આવી છે.

દુનિયાભરના લેખકો-સંશોધકો - પત્રકારોએ મહાત્મા ગાંધી વિષે ઘણું લખ્યું છે પરંતુ ગાંધીજીનો આજીવન સધિયારો બની રહેલા 'કસ્તૂરબા' ગાંધી ઉપર નહિંવત લખાયું છે. ગાંધી વિષે જેમ જાણવાની જગતને ઈચ્છા હોય એમ કસ્તૂરબા વિષે જણાવાની અનેક જીજ્ઞાસુઓને તાલાવેલી રહેતી પણ. એ ઈચ્છા પૂર્ણ થઈ ન હતી. આ કામ અરુણ ગાંધીએ પૂરું કર્યું હતું ૧૯૯૭માં. અરુણ ગાંધીએ 'ધ ફોરગોટન વુમન' પુસ્તક

'ધ ફરગોટન વુમન' પુસ્તકના લેખક અરુણ ગાંધી એટલે કસ્તૂરબા અને બાપુના પાંચમા પૌત્ર. માતા-પિતા સુશીલાબેન અને મણિલાલભાઈના પુત્ર અરુણ ગાંધીનો જન્મ ફિનિક્સ આશ્રમમાં થયો હતો. બાળપણ અને તરુણાવસ્થાના ઘણા મહિનાઓ તેમણે બા-બાપુ સાથે વર્ધાના સેવાગ્રામ આશ્રમમાં ગાળ્યા હતા. દક્ષિણ આફ્રિકામાં રંગભેદ અને હિંસાથી યુવાન અરુણનું લોહી ઊકળી ઊઠતું હતું ત્યારે 'કસ્તૂરબા' એ તેમના આક્રોશને વિધ્વંસક માર્ગે ન લઈ જતાં પરિવર્તન માટેની શક્તિ બાવતા શીખવ્યું હતું. અરુણ ગાંધી થોડોક સમય ભારતમાં ગ્રામીણ ગરીબો માટે કામ કરતા હતા એ પછી શાંતિ અને અહિંસાની વાત વૈશ્વિક સ્તરે મૂકવાના આશય સાથે અમેરિકા સ્થાયી થયા. શાંતિ અને અહિંસાના માર્ગે કાર્યો સતત પ્રવાસ કરતા રહેલા અરુણ ગાંધી પોતાને શાંતિ ખેડૂત (પીસ ફાર્મર) તરીકે ઓળખાવે છે.

અરુણ ગાંધીનો આ પરિચય પુસ્તકના પરિચય માટે પણ ઉપયોગી બની રહેશે.

૧૯૯૭માં તેમણે 'ધ ફરગોટન વુમન' પુસ્તક કસ્તૂરબાને કેન્દ્રમાં રાખીને લખ્યું હતું. ડૉ. અરુણ ગાંધી આ પુસ્તકની પ્રસ્તાવના લખતા શરુઆત જ સરસ કરે છે.

ડૉ. ગાંધી લખે છે, પૂર્વના એક તત્ત્વજ્ઞાનીએ કહ્યું છે : 'વટવૃક્ષ નીચે બીજું કશું ઉગી શકતું નથી.' વિરાટ વ્યક્તિત્વો માટે પણ આ કથન સાચું છે. પોતાના દાદા મોહનદાસ કરમચંદ ગાંધીનું વ્યક્તિત્વ એવું વિરાટ હતું કે તેની નજીકનું બીજું કોઈ દેખાય નહીં. મારા દાદી કસ્તૂરબા અને મારા પિતા મણિલાલ - આ બંનેએ મારા દાદા મહાત્મા ગાંધીના વિચારો અને વ્યક્તિત્વમાં પોતાને ઓગાળી દીધા હતા. અરુણભાઈ લખે છે આધુનિક અને પશ્ચિમ મૂલ્યોમાં માનનારાઓ માટે આવા સમર્પણને સમજવાનું અઘરું પડે. આવા મૂલ્યોમાં માનતા લોકો એવો પણ આરોપ મૂકે છે કે બાપુની છાયામાં બીજા બધાંનો વિકાસ રૂંધાઈ ગયો. બાપુ પાસે મહાન ધ્યેય એન આદર્શ હતા, વ્યક્તિને પરિવર્તિત કરવાની બાપુની એક દૃષ્ટિ હતી તેના પરિણામે કસ્તૂરબા અને મણિલાલ અને બીજા અનેક પોતાની વ્યક્તિગત પ્રાપ્તિ વિશે વિચારવા કરતાં પોતાના જીવન બાપુને સમર્પિત કરવાનું વધુ પસંદ કર્યું હતું.

બા વિશે જણાવવાની પ્રેરણા તેમના પ્રત્યેના પ્રેમ અને બહુ ઓછા લોકો કે જેઓ 'બા' ને ઓળખે છે તેમના સિવાયના મોટાભાગના લોકો 'બા' ને એક અલ્પશિક્ષિત, સાધારણ અને સુશીલ સન્નારી અને પતિને અનુસરતા પત્ની તરીકે સમજતા હતા. પરંતુ હકીકત જુદી હતી. બાએ ઓછું શિક્ષણ લીધું હોવા છતાં તેઓ અજ્ઞાન કે અલ્પમતિ ન હતા. ઈતિહાસ મારા દાદીને અવગણે તે એક પૌત્ર તરીકે સાંખી ન શકતા અરુણ ગાંધીએ 'બા' ની સ્વાતંત્ર્ય સંગ્રામની બહુ મોટી ભૂમિકા હતી એ તથા બાપુને મહાત્મા બનાવવામાં તેમના મોટા ફાળાની ઝીણી ઝીણી ઓછી જાણીતી વાતો તેમણે પુસ્તકમાં ઉજાગર કરી છે. બાનું સમર્પણ ફક્ત બાપુની ઈચ્છા પૂરી કરવા માટે નહીં પરંતુ આ જ સાચો રસ્તો છે એ પ્રતીતિને આધારે હતું. ગુલામી કે અંધઅનુકરણ કરી બાના સ્વભાવમાં ન હતું એમ અરુણભાઈ વ્યક્ત થાય છે.

લેખક માટે બા વિશે ભણવું બહુ મુશ્કેલ હતું. દસ્તાવેજી પુરાવાઓ હતા નહીં આથી પુસ્તકના લખાણનો સંશોધન સંદર્ભ મૌખિક ઈતિહાસ છે. ૧૯૬૦થી અનેક મુલાકાતો લઈને બા વિશે માહિતી લેખક અને તેમના પત્ની સુનંદાબેને તૈયાર કર્યું છે. લગભગ બે દાયકા જેટલા સંશોધન પછી પુસ્તક તો તૈયાર થયું પણ તેને છાપણ માટે યુરોપ-અમેરિકામાં કોઈ પ્રકાશક મળ્યા નહીં. અરુણભાઈ લખે છે 'કસ્તૂરબામાં કોને રસ પડે? તમે તમારા દાદા મહાત્મા ગાંધી વિશે કેમ નથી લખતા ?' - એવો પ્રતિભાવ મળતા હતા. પરંતુ સહેલાઈથી તેમણે હાર ના માની. છેવટે ૧૯૭૯માં એક જર્મન પ્રકાશકે આ પુસ્તક છાપ્યું ત્યારબાદ ૧૯૮૩માં મેક્સિકો યુનિવર્સિટીએ સ્પેનિશ ભાષાંતર કર્યું છેક ૧૯૯૭માં એ અંગ્રેજીમાં છપાયું. બા-બાપુની સહિયારી જીવનકથા સમા આ પુસ્તકનું ગુજરાતી અનુવાદ સોનલબેન પરીખે કર્યું છે. તેમના જ શબ્દોમાં તેમની ઓળખાણ આપું તો કસ્તૂરબા સોનલ પરીખના દાદીનાં દાદી.

પૌત્રએ કરેલો પ્રેમપૂર્વકનાં પરિશ્રમનો પરિપાક રુપે આ પુસ્તક થયું છે, વાંચવા જેવું પુસ્તક છે. વસાવવા જેવું તો ખરું જ.

● સંદર્ભ પુસ્તક : 'બા : મહાત્માના અર્ધાંગિની લેખિકા અરુણ ગાંધી, અનુવાદ : સોનલ પરીખ, નવજીવન ટ્રસ્ટ અમદાવાદ, ૧૯૯૭.'

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)